ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

International Year of Cooperatives 2025

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 73 ■ અંક : 10 ■ તારીખ : 20, ઓગષ્ટ, 2025 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

### આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ – 2025 નિમિત્તે

## UN કાર્યક્રમમાં શ્રી અમિતભાઈ શાહે PMના "સહકાર દ્વારા સમૃદ્ધિ" પર પ્રકાશ પાડ્યો

ન્યૂ યોર્ક : સંયુક્ત રાષ્ટ્રમાં આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણીના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય સહકારી એકતા અને ભાવનાના ઉચ્ચ પ્રદર્શન માટે ન્યૂ યોર્કમાં **'સહકારિતા અને ટકાઉ વિકાસઃ ગતિ જાળવી રાખી નવા રસ્તાઓની શોધ કરવી'** વિષય વસ્તુ રાખી ભારત, કેન્યા અને મંગોલિયાના સંયુક્ત ઉપક્રમે એક ઉચ્ચસ્તરીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



આ ઉચ્ચસ્તરીય કાર્યક્રમમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકારથી સમૃદ્ધિ' (સહકાર દ્વારા સમૃદ્ધિ)ના વિઝન સમજાવીને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે વિડીયો કોન્ફરન્સ દ્વારા અસમાનતા, ખાદ્ય અસુરક્ષા અને સમાવેશી વિકાસ જેવા મહત્વપૂર્ણ વૈશ્વિક પડકારોનો સામનો કરવામાં સહકારના વધતા મહત્વ પર પ્રકાશ પાડી સહકારી મોડેલ સમકાલીન સમસ્યાઓ માટે ટકાઉ, સમુદાય-સંચાલિત ઉકેલો કેવી રીતે પ્રદાન કરે છે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

યુએનમાં ભારતીય રાજદૂત શ્રી પાર્વથાનેની હરીશે ભારતના રાષ્ટ્રીય વિકાસમાં સહકારી ક્ષેત્રના યોગદાનની પ્રશંસા કરી પ્રાચીન સંસ્કૃત ગ્રંથોનો ઉલ્લેખ કરતાં ભારતીય સમાજમાં સહકારના ઊંડા ઐતિહાસિક અને સાંસ્કૃતિક મૂળ વિશે માહિતી આપી હતી. અને આ સહકારી ક્ષેત્રમાં વૈશ્વિક સહયોગ વધારવા માટે હાકલ કરી હતી.

કેન્યા, મંગોલિયા, કાબો વર્ડે અને કોલંબિયાના પ્રતિનિધિઓએ પોતપોતાના દેશોમાં સહકારી સંસ્થાઓની સફળ ગાથાઓની માહિતી આપી હતી. અને તેમણે સ્થિતિસ્થાપક, સમાન સમાજના નિર્માણમાં સહકારિતા પરિવર્તનશીલ શક્તિ વિશે જાગૃતિ લાવવા માટે યુએન જેવા આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મનો ઉપયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય સહકારી જોડાણના પ્રમુખશ્રી એરિયલ એનરિક ગુઆર્કોએ પણ મંતવ્યો આપી ગરીબી નિવારણ, રોજગાર સર્જન અને સામાજિક સમાવેશમાં સહકારિતાની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

ILO કાર્યાલયના ડિરેક્ટર શ્રીમતી સિન્થિયા સેમ્યુઅલ-ઓલોનજુવોનને યુનાઈટેડ નેશન્સ સહકારી સંસ્થાઓના આર્થિક વિકાસ અને ટકાઉ વિકાસ વચ્ચે કેવી રીતે સેતુરૂપ સેવા આપે છે તેના પર માર્ગદર્શન આપ્યું હતું.

NAFEDના મેનેજિંગ ડિરેક્ટરે ભારતીય સહકારી સંસ્થાઓની પ્રેરણાદાયી સફર રજૂ કરી હતી. અને સહકારની સહિયારી માલિકી, પરસ્પર વિશ્વાસ અને સામૂહિક કાર્યવાહીના અનન્ય સિદ્ધાંતોને

અનુસંધાન પાના નંબર : 2

### સમગ્ર ભારતમાં સહકારી પ્રવૃત્તિને પુનર્જીવિત કરી નવા યુગને ઉત્પ્રેરિત કરવા

## NCDCને 2,000 કરોડ રૂપિયાની સહાય યોજનાને મંજૂરી

ન્યૂ દિલ્હી : દેશના સહકારી ક્ષેત્રને નોંધપાત્ર પ્રોત્સાહન આપતા, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે 'રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC) ને સહાય માટે ગ્રાન્ટ' નામની કેન્દ્રીય ક્ષેત્ર યોજનાને મંજૂરી આપી છે, જેનો નાણાકીય ખર્ચ 2,000 કરોડ રૂપિયા છે. 2025-26 થી 2028-29 સુધીના ચાર વર્ષમાં ફેલાયેલી આ યોજના ભારત સરકારના બજેટ સહાય દ્વારા વાર્ષિક 500 કરોડ રૂપિયા પૂરા પાડશે.

મંજૂર કરાયેલી ગ્રાન્ટ NCDC ને આ ચાર વર્ષના સમયગાળા દરમિયાન ખુલ્લા બજારમાંથી 20,000 કરોડ રૂપિયા એકત્ર કરવા માટે સશક્ત બનાવશે. આ ભંડોળ ડેરી, પશુધન, મત્સ્યઉદ્યોગ, ખાંડ, કાપડ, ખાદ્ય પ્રક્રિયા, કોલ્ડ સ્ટોરેજ, શ્રમ અને મહિલાઓની આગેવાની હેઠળની પહેલ જેવા વિવિધ ક્ષેત્રોમાં સહકારી સંસ્થાઓને લોન તરીકે ઉપયોગમાં લેવામાં માટે આપવામાં આવશે. આ ભંડોળ નવા અને વિસ્તરણ બંને પ્રોજેક્ટ્સને ટેકો આપશે, તેમજ કાર્યકારી કાર્યક્ષમતા વધારવા માટે સહકારી સંસ્થાઓને કાર્યકારી મૂડી પૂરી પાડશે.

આ યોજનાથી દેશભરની ૧૩,૨૮૮ સહકારી મંડળીઓના આશરે ૨.૯ કરોડ સભ્યોને સીધો લાભ થવાની અપેક્ષા છે. આ મંડળીઓને તેમની સુવિધાઓની સ્થાપના, આધુનિકીકરણ અને તકનીકી અપગ્રેડેશન માટે લાંબા ગાળાની ક્રેડિટ મળશે. વધુમાં, કાર્યકારી મૂડી લોન તેમને નફાકારક રીતે કામગીરી ચલાવવામાં અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં વધુ રોજગાર ઉત્પન્ન કરવામાં મદદ કરશે.

NCDC, અમલીકરણ એજન્સી તરીકે, લોનનું વિતરણ કરવા, પ્રોજેક્ટ અમલીકરણ પર દેખરેખ રાખવા અને વિતરિત રકમ વસૂલવા માટે જવાબદાર રહેશે. લોન સીધી પાત્ર સહકારી મંડળીઓને આપવામાં આવશે અથવા NCDCની માર્ગદર્શિકા અનુસાર રાજ્ય સરકારોના માધ્યમ દ્વારા આપવામાં આવશે. પર્યાપ્ત સુરક્ષા અથવા સરકારી ગેરંટી સામે સીધું ભંડોળ પૂરું પાડવામાં આવશે.



**સહકારી સંસ્થાઓ માટે 20,000 કરોડ રૂપિયાના ભંડોળને અનલૉક કરવા માટે**

આર્થિક મહત્વ ઉપરાંત આ યોજના નોંધપાત્ર સામાજિક મૂલ્ય પણ ધરાવે છે. લોકશાહી ભાગીદારી અને સમુદાયની ચિંતા પર બનેલા સહકારી મોડેલોને મજબૂત બનાવીને, આ યોજનાને સમાવેશી વિકાસ માટેના સાધન તરીકે પણ જોવામાં આવે છે. તે ખાસ કરીને કાર્યબળમાં મહિલાઓની ભૂમિકાને વધારીને અને ઓછા પ્રતિનિધિત્વ ધરાવતા જૂથોની ભાગીદારી વધારીને ગ્રામીણ સામાજિક-આર્થિક અંતરને દૂર કરવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે,

અધિકારીઓએ ભાર મૂક્યો હતો કે મૂડીના પ્રવાહથી સહકારી સાહસો તો મજબૂત થશે જ સાથે સાથે ગ્રામીણ અર્થતંત્રમાં ટકાઉ વિકાસ અને આજીવિકાની તકોને ટેકો આપતા આવક-ઉત્પાદન કરતી સંપત્તિઓનું સર્જન પણ થશે. સહકારી-આગેવાની હેઠળના ઉત્પાદન અને સેવાઓ દ્વારા સીધી રીતે અને પરોક્ષ રીતે ટર્મ લોન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતા માળખાગત પ્રોજેક્ટ્સને ટેકો આપીને રોજગારીનું સર્જન થશે.

કેન્દ્ર સરકારની આ યોજનામાં ભારતના ગ્રામીણ અને અર્ધ-શહેરી અર્થતંત્રમાં સહકારી મંડળીઓની મુખ્ય ભૂમિકામાં રહેલી છે. 8.25 લાખથી વધુ સહકારી મંડળીઓ અને 29 કરોડથી વધુ સભ્યો છે. જેમાં 94% ભારતીય ખેડૂતોનો સમાવેશ થાય છે, આ ક્ષેત્ર ભારતીય કૃષિ, ગ્રામીણ ધિરાણ, ઈનપુટ સપ્લાય, માર્કેટિંગ અને સંલગ્ન સેવાઓના માળખામાં સાથે મજબૂત રીતે જોડાયેલું છે. જેમાં ખાતરો, ધિરાણ, ડેરી, હાથવણાટ, મત્સ્યઉદ્યોગ, ગ્રાહક, માલ, આવાસ જેવાં વિવિધ ક્ષેત્રોમાં સહકારી મંડળીઓ સક્રિય છે.

સહકારિતાની પહોંચ અને સંભાવનાને ધ્યાનમાં રાખીને, મંત્રીમંડળના આ નિર્ણયને ગરીબ ગ્રામીણ વિસ્તારોમાં વધુ આર્થિક ક્ષમતાને મજબૂત કરવા માટે એક વ્યૂહાત્મક હસ્તક્ષેપ તરીકે જોવામાં આવી રહ્યો છે. ડેરી, મરઘાં, ખાંડ અને ખાદ્ય પ્રક્રિયા જેવા ક્ષેત્રો, જે સામાન્ય રીતે આર્થિક મુશ્કેલીઓને કારણે મર્યાદિત વિકાસ કરતાં હોય છે, આ ક્ષેત્રો જ આ યોજનાના મુખ્ય લાભાર્થી બનશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. વધુમાં, શ્રમ અને મહિલા સંચાલિત

અનુસંધાન પાના નંબર : 2

### રાજ્યના 52.16 લાખ ખેડૂતોને 1118 કરોડની સહાય ચૂકવાઈ

## ખેડૂતોને યોજનાઓનો લાભ મળતા સરકાર પર વિશ્વાસ વધ્યોઃ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગાંધીનગર : વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તર પ્રદેશના કાશી ખાતેથી પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાનો 20મો હપ્તો રિલીઝ કર્યો હતો. જેમાં ગુજરાતના 52.16 લાખથી વધુ ખેડૂત પરિવારોને 1118 કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવાઈ હતી. ગાંધીનગરમાં આ કાર્યક્રમના જીવંત પ્રસારણમાં ઉપસ્થિત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતો સુધી યોજનાનો સો ટકા લાભ પહોંચતા ખેડૂતોનો સરકાર પ્રત્યે વિશ્વાસ વધુ દૃઢ બન્યો છે.

પીએમ કિસાન ઉત્સવ દિવસ તરીકે ઉજવાયેલા કાર્યક્રમમાં રાજ્યભરમાં 3 લાખથી વધુ ખેડૂતો અને મંત્રીઓએ પણ કાર્યક્રમ નિહાળ્યો હતો. સીએમ પટેલે કહ્યું હતું કે, જનસેવાની ભાવના અને સાચી નિયતથી ખેડૂત હિત અને જનહિતના કામો કેટલી ઝડપથી થાય છે તે વડાપ્રધાને બતાવ્યું છે. પીએમ કિસાન સમ્માન નિધિ યોજના આજે



વિશ્વની સૌથી મોટી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર યોજના બની છે. વિકસિત ગુજરાત માટે વિકસિત ખેતીના નિર્માણ માટે તેમણે ખેડૂતોને આહવાન કર્યું હતું. કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે પણ ખેડૂતોને સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ અત્યાર સુધીમાં ચૂકવાયેલા 19 હપ્તા પેટે ગુજરાતના લાભાર્થી ખેડૂતોના ખાતામાં કુલ 19,993 કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્માએ જણાવ્યું હતું કે, વિવિધ યોજનાઓનો લાભ લેવા રાજ્યના 11 લાખથી વધુ ખેડૂતોએ આઇ-ખેડૂત પોર્ટલ પર અરજીઓ નોંધાવી છે.

### 20 વર્ષમાં ગુજરાતથી ઉત્તર અમેરિકા ડેરી નિકાસ 42% વધી

## રાજ્યના ડેરી ઉત્પાદનની નિકાસ 2028 સુધી 34819 મેટ્રિક ટન થવાનું અનુમાન : રિસર્ચ

અમદાવાદ : ગુજરાતની ડેરી પ્રોડક્ટ્સની નિકાસ 2005થી 2025 સુધી 20 વર્ષના ગાળામાં 9.76% ચક્રવૃદ્ધિ વાર્ષિક દર (CAGR)થી વધી છે. આ હકારાત્મક વલણ આગામી 3 વર્ષમાં વધુ તેજ થવાની આશા સાથે, 2028માં ડેરી એક્સપોર્ટ 34819 મેટ્રીક ટન થવાનું અનુમાન છે, જોકે કેટલાક મુખ્ય આયાતકાર પ્રદેશોમાં ઘટાડો જોવા મળી શકે છે. આર્કાઈવ્સ ઓફ કરન્ટ રિસર્ચ

અનુસંધાન પાના નંબર : 2

**આવતાં 3 વર્ષમાં ડેરી એક્સપોર્ટમાં કેટલો ઉછાળો થશે?**

| પ્રદેશો | 2026 | 2027 | 2028 |
|---|---|---|---|
| ASEAN | 8019.55 | 6954.25 | 6193.61 |
| પશ્ચિમ એશિયા -GCC | 3677.96 | 3816.07 | 3950.13 |
| પૂર્વ એશિયા (ઓશનિયા) | 2056.25 | 2506.08 | 2896.38 |
| ઉત્તર પૂર્વ એશિયા | 633.66 | 1892.32 | 2626.88 |
| દક્ષિણ એશિયા | 1921.33 | 2643.81 | 3125.45 |
| ઉત્તર અમેરિકા | 2552.18 | 3369.60 | 3685.85 |
| પૂર્વ આફ્રિકા | 2480.45 | 1881.10 | 2696.23 |
| પશ્ચિમ આફ્રિકા | 7661.96 | 6821.02 | 6160.13 |
| અન્ય | 2114.62 | 3041.79 | 3484.35 |
| કુલ | 31117.96 | 32926.04 | 34819.01 |

(આંકડા મેટ્રીક ટનમાં)

### પેક્સદીઠ રૂ.3.91 લાખ લેખે અત્યાર સુધીમાં 110 કરોડ ખર્ચાયા

## ગુજરાતની 5754 કૃષિ સહકારી મંડળીઓનું કમ્પ્યૂટરાઈઝેશન નવેમ્બર સુધીમાં પૂર્ણ થશે

ગાંધીનગર : રાજ્યની પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ-પ્રાઈમરી એગ્રિકલ્ચર કો-ઓપરેટિવ સોસાયટી-પેક્સનું તબક્કાવાર ડિજિટલાઈઝેશનનું ભગીરથ કાર્ય હાથ ધરાઈ રહ્યું છે. પ્રથમ તબક્કામાં રાજ્યની કુલ 10915 પૈકી 5754 પેક્સનું કમ્પ્યૂટરાઈઝેશન 2027 સુધી કરવાનું હતું. પરંતુ તંત્રએ અત્યાર સુધીમાં 4661 પેક્સની છેલ્લા બે વર્ષની 46 લાખથી વધુ વાઉચર એન્ટ્રીઓ નાખી 81 ટકા કામગીરી પાર પાડી દીધી છે અને નવેમ્બર-25 પહેલાં પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

તાજેતરમાં ઉચ્ચસ્તરે આ કામગીરીનું પ્રેઝન્ટેશન થયું હતું. ખર્ચમાં 60 ટકા કેન્દ્ર સરકારનો અને 40 ટકા રાજ્ય સરકારનો હિસ્સો ધરાવતા આ પ્રોજેક્ટમાં અત્યાર સુધી કુલ રૂ.110 કરોડ ખર્ચાયા છે, જે રૂ.73 કરોડ કેન્દ્ર સરકારે અને મેચિંગ ગ્રાન્ટ સ્વરૂપે રાજ્ય સરકારે રૂ.37 કરોડ ફાળવ્યા છે. આ પ્રોજેક્ટમાં પેક્સદીઠ રૂ.3.91 લાખનો ખર્ચ નક્કી થયો છે, જેમાં રૂ.1.22 લાખ હાર્ડવેર પાછળ રૂ.1.87 લાખ ડેટા ડિજિટલાઈઝેશન તથા હેન્ડહોલ્ડિંગ પાછળ તેમજ રૂ.82 હજાર તાલીમ અને સોફ્ટવેર પાછળ ખર્ચાય છે.

રાજ્યની પેક્સને નાબાર્ડ, એપેક્સ સહકારી બૅન્ક-ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેન્ક તેમજ જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો સાથે લિન્ક કરવાની આ કામગીરીમાં અત્યાર સુધી 4661 પેક્સમાં છેલ્લા બે વર્ષની ડેટા એન્ટ્રીઓના રેકોર્ડનું કમ્પ્યૂટરાઈઝેશ થઈ ચૂક્યું છે અને નિશ્ચિત તારીખે 5754 પેક્સમાં ફાઈનાન્શિયલ ક્લોઝરની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે. થયેલી કુલ ડેટા એન્ટ્રીઓમાં અગાઉ રૂ.6 કરોડ જેટલી રાશિનો હિસાબ મળતો ન હતો, તે ઘટીને રૂ.89.97 લાખ થયો છે. મોટા રાજ્યોમાં ગુજરાતની કામગીરીની



81 ટકા પેક્સની છેલ્લા બે વર્ષની ડેટા એન્ટ્રીનું ડિજિટાઈઝેશન પૂર્ણ

રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે, મહારાષ્ટ્રમાં 12000 મંજૂર પેક્સમાં બિનહિસાબી રકમ રૂ.4.65 કરોડની, કર્ણાટકમાં 5491 મંજૂર પેક્સમાં બિનહિસાબી રકમ રૂ.20.12 કરોડ, ઉત્તરપ્રદેશમાં 3062 મંજૂર પેક્સમાં બિનહિસાબી રકમ રૂ.127 કરોડ, તામિલનાડુમાં

અનુસંધાન પાના નંબર : 2

# ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્ક લિ.

## તારીખ 31મી માર્ચ, 2025ના રોજનું સરવૈયું

| તા. 31-03-2024 | 1. ભંડોળ તથા દેવુ | તા. 31-03-2025 | તા. 31-03-2025 |
|---|---|---|---|
| | 1. શેર ભંડોળ | | |
| | (1) અધિકૃત | | |
| 20,000,000.00 | 'અ' વર્ગના 20,000 શેરોદરેક રૂા.1000-00ના | 200,000,000.00 | |
| 780,000,000.00 | 'બ' વર્ગના 10,00,000 શેરો દરેક રૂા.1000-00 ના | 1,000,000,000.00 | |
| 800,000,000.00 | | | 1,200,000,000.00 |
| | (2) વસુલ આવેલુ શેરભંડોળ | | |
| | 'બ' વર્ગના 735282 શેરો દરેક ના રૂા.1000-00 | | |
| 696,320,000.00 | બ. સહકારી સંસ્થાઓ | 735,282,000.00 | |
| --- | ક. રાજ્ય સરકારશ્રી | --- | |
| 696,320,000.00 | | | 735,282,000.00 |
| | 2. રિઝર્વ ફંડ અને બીજા ફંડો | | |
| 247,732,892.09 | (1) રિઝર્વ ફંડ | 290,717,982.09 | |
| 200,050,868.00 | (2) એગ્રી ક્રેડિટ સ્ટેબીલાઈઝેશન ફંડ | 231,765,544.00 | |
| 30,830,115.20 | (3) બિલ્ડીંગ ફંડ | 35,382,785.20 | |
| 4,530,336.00 | (4) ડિવિડન્ડ ઈકવીલાઈઝેશન ફંડ | 5,030,336.00 | |
| 290,444.33 | (5) પબ્લિક પરપઝ ફંડ | 290,444.33 | |
| 2,109,600.00 | (6) ખેતિ વિકાસ ફંડ | 2,609,600.00 | |
| --- | (7) બીજા ફંડો અને રિઝર્વ | --- | |
| 223,376,717.00 | ક. ડુબત અને શકમંદ લ્હેણા સામે ફંડ | 223,376,717.00 | |
| 30,000,000.00 | ખ. ઈન્વેસ્ટમેન્ટ ડેપ્રીસીએશન ફંડ | 30,000,000.00 | |
| 6,462,500.00 | ગ. ટેકનોલોજી એડપ્શન ફંડ | 6,462,500.00 | |
| 122,533.00 | ઘ. સ્ટેટ લેવલ પ્રોજેક્ટ ફંડ | 122,533.00 | |
| 265,904,749.62 | ચ. ખરાબ અને શકંમદ લેણા(ઈ.ટે.કલમ 36-(1)(7) | 267,279,765.86 | |
| 68,643,442.00 | છ. સ્પેશ્યલ બેડ ડેબ્ટ રિઝર્વ ફંડ (67-એ) | 94,356,592.00 | |
| 50,292,874.00 | જ. રીવેલ્યુએશન રિઝર્વ બિલ્ડીંગ ફંડ | 45,263,587.00 | |
| 60,530,000.00 | ઝ. રીવેલ્યુએશન રિઝર્વ જમીન ફંડ | 60,530,000.00 | |
| 19,700,000.00 | ટ. ઈન્વેસ્ટમેન્ટ ફ્લક્યૂએશન રિઝર્વ | 34,700,000.00 | |
| 1,210,577,071.24 | | | 1,327,888,386.48 |
| | 3. ગૌણ રાજય ભાગીદારી નિધીઃ- | | |
| --- | (1) મધ્યસ્થ સહ.બેન્કોના શેરભંડોળ માટે | --- | |
| 42,340.00 | (2) પ્રાથમિક ખેતિવિષયક મંડળીઓના શેરફાળામાં | 42,340.00 | |
| | (3) બીજી મંડળીઓના શેરફાળા માટે | --- | |
| 42,340.00 | | | 42,340.00 |
| | 4. થાપણો અને બીજા ખાતાઓઃ | | |
| | 1. બાંધી મુદતી થાપણોઃ | | |
| 7,411,411,726.95 | અ. વ્યક્તિઓ | 8,095,580,418.41 | |
| 1,402,971,609.91 | બ. બીજી મંડળીઓ | 1,635,495,768.81 | |
| 56,724,903.00 | ક. અર્બન સહ.બેંકો | 144,843,914.00 | |
| --- | 2. બચત થાપણોઃ | | |
| 6,728,371,574.23 | અ. વ્યક્તિઓ | 8,770,025,629.94 | |
| 600,730,482.79 | બ. બીજી મંડળીઓ | 483,381,083.64 | |
| --- | ક. અર્બન સહ.બેંકો | --- | |
| --- | 3. ચાલુ થાપણોઃ | --- | |
| 251,148,527.31 | અ. વ્યક્તિઓ | 275,859,430.04 | |
| 66,317,932.13 | બ. અર્બન સહ.બેંકો | 62,327,261.50 | |
| 1,952,733,249.07 | ક. બીજી મંડળીઓ | 2,096,559,828.01 | |
| 3,030,196.00 | 4. કોલ અને ટુંકી નોટીસની થાપણો(મંડળીઓ) | 3,294,035.00 | |
| 18,473,440,201.39 | | | 21,567,367,369.35 |
| | 5. કરજ : | | |
| | 1. ગુજરાત સ્ટેટ કો.ઓપ.બેંકમાંથી | | |
| | અ. ટુંકી મુદત લોન રોકડ શાખ અને ઓવર ડ્રાફ્ટ | | |
| | જે પૈકી નીચેના તારણ સામે | | |
| | (અ) સરકારી અને બીજી માન્ય જામીનગીરી | | |
| 1,75,00,00,000.00 | (બ) બીજી વાસ્તવિક જામીનગીરી | 2,845,000,000.00 | |
| | બ. મધ્યમ મુદત લોન | | |
| | જે પૈકી નીચેના તારણ સામે | | |
| | (અ) સરકારી અને બીજી માન્ય જામીનગીરી | | |
| 1,214,163,584.00 | (બ) બીજી વાસ્તવિક જામીનગીરી | 1,197,320,274.00 | |
| | 3. અન્ય રીતે મળેલી લોનો વિગત) | | |
| --- | (અ) નાબાર્ડ ડાયરેક્ટ લેન્ડિંગ લોન | --- | |
| --- | (બ) ગુજરાત સ્ટેટ કો.ઓપ.બેંકમાંથી (ઓવરડ્રાફ્ટ) | --- | |
| 2,964,163,584.00 | | | 4,042,320,274.00 |
| 28,665,063.57 | 6. (અ) રાઈટ ઓફ એકાઉન્ટ (સામી બાજુ પ્રમાણે) | 135,985,078.29 | |
| 159,483,520.26 | (બ) અનક્લેઈમ DEAF ( RBI 9 (સામી બાજુ પ્રમાણે) | 31,268,612.50 | 167,253,690.79 |
| --- | 7. શાખાઓના હવાલાઃ | | --- |
| 282,170,845.91 | 8. મુદત વિતેલ વ્યાજ સામે અનામત | | 273,753,822.91 |
| 385,553,552.36 | 9. ચુકવવાપાત્ર વ્યાજ | | 385,134,006.17 |
| 27,800,000.00 | 10. કન્ટીજન્ટ પ્રોવિઝન અગેઈન્સ્ટ સ્ટાન્ડર્ડ એસેટસ | | 32,500,000.00 |
| | 11. બીજી જવાબદારીઓ | | |
| --- | ક. ડી ડી પેયેબલ | 277,496.25 | |
| 59,000,000.00 | ખ. ઈન્કમટેક્ષ પ્રોવિઝન | 65,000,000.00 | |
| 110,330.00 | ગ. ચુકવવાપાત્ર ડિવિડન્ડ | 69,620.00 | |
| 71,492,365.92 | ચ. પરચુરણ રકમો | 25,105,445.59 | |
| 49,077,916.00 | છ. સબસિડી રિઝર્વ | 40,045,058.00 | |
| 179,680,611.92 | | | 130,497,619.84 |
| | 12. નફો અને નુકસાનઃ (નફો) | | |
| | આગલા વર્ષેથી ખેંચાયેલ નફો | | |
| | ગયા વર્ષના નફા નુકસાન ખાતા મુજબ નફો | | |
| | સરવાળો.... | | |
| | બાદઃ ગત સા.સભાના ઠરાવ | | |
| | મુજબ નફાની ફાળવણી આગળ ખેંચેલ નફો | | |
| 171,421,000.00 | ઉમેરોઃ ચાલુ વર્ષના નફા નુકસાન ખાતા મુજબ નફો | | 180,100,000.00 |
| 24,579,317,790.65 | કુલ સરવાળો.. | 28,842,139,509.54 | 24,579,317,790.65 |
| | આકસ્મીક જવાબદારીઓ | | |
| | 1) આપવામા આવેલી ગેરંટી અંગેની બાકી રહેતી જામીનગીરીઓ | | |
| 28,665,063.57 | 2) અન્ય DEAF બીજા આર.બી. આઈ. | 31,268,612.50 | |

ઓડિટરશ્રી
બી.જે.પટેલ એન્ડ જે.એલ.શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

જી. બી. ચુડાસમા
મેનેજર (એકા. એન્ડ બેન્કિંગ)

આર.ડી.સરવૈયા
જનરલ મેનેજર

| તા. 31-3-2024 | મિલ્કત તથા લ્હેણુ | | | તા. 31-3-2025 | તા. 31-3-2025 |
|---|---|---|---|---|---|
| | 1. રોકડ. | | | | |
| 3,429,459,395.00 | 1. રોકડ હાથ ઉપર | | | 3,502,193,632.00 | |
| 1,402,408,344.84 | 2. માન્ય બેંકો તથા ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંક લિ, ચાલુ ખાતામાં | | | 1,225,260,411.20 | |
| 5,160,000,000.00 | 3. બાંધી મુદતમાં ( માન્ય બેંકો તથા ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંક લિ,) | | | 5,150,000,000.00 | |
| 9,991,867,739.84 | | | | | 9,877,454,043.20 |
| | 2. બીજી બેંકોમાં પુરાંત | | | | |
| --- | 1. ચાલુ ખાતામાં (મહારાષ્ટ્ર-સ્ટેટ કો.ઓ.બેંક) | | | --- | |
| --- | 2. બચત થાપણ ખાતામાં | | | --- | |
| --- | 3. બાંધી મુદત ખાતામાં (એમ.એ.સ્કીમ ડિપોઝિટ) | | | --- | |
| --- | 3. કોલ અને ટુંકી મુદતના નાણાં | | | --- | --- |
| | 4. રોકાણો | | | | |
| 3,947,866,250.00 | 1. મધ્યસ્થ અને રાજય સરકારશ્રીની જામીનગીરીમાં | | | 5,245,405,250.00 | |
| | 2. સહકારી સંસ્થાઓના શેરોમાં (નીચે ન.5 માં જણાવ્યા સીવાયના) | | | | |
| 31,440,000.00 | ક. ગુજ.સ્ટેટ કો.ઓ.બેંક લિ, અમદાવાદ | | | | |
| --- | ખ. ગુજ.સ્ટેટ કો.ઓ.માર્કે. ફંડ. લિ.,અમદાવાદ | | | 34,820,000.00 | |
| 100,000.00 | ગ. ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટી. કો. ઓ. સો. લિ., | | | 100,000.00 | |
| 25,000.00 | ઘ. કૃષક ભારતી કો.ઓ.લિ., શેર | | | 25,000.00 | |
| --- | બીજા રોકાણો | | | --- | |
| --- | ક. ગુજ.સ્ટેટ ફર્ટીલાઈઝર્સ ફાં લિ,ના ઈકવીટી શેરોમાં (દાર્શનીક કિંમત રૂા.33,680) | | | --- | |
| 250.00 | ખ. ન્યૂ શાંતિ નિકેતન કો.ઓ.હાઉસીંગ. સો.લિ., | | | 250.00 | |
| 200.00 | ગ. મહાવિર પેલેસ એસોસીએશન શેર | | | 200.00 | |
| --- | ધ. નોન એસ.એલ.આર. મ્યુચલ ફંડ | | | | |
| 3,979,431,700.00 | | | | | 5,280,350,700.00 |
| | 5. ગૌણ રાજય ભાગીદારી નીધીનું રોકાણઃ | | | | |
| --- | 1. મધ્યસ્થ સહકારી બેંકોના શેરોમાં | | | --- | |
| 42,340.00 | 2. પ્રાથમીક ખેતિવિષયક સહકારી મંડળીઓના શેરોમાં | | | 42,340.00 | |
| --- | 3. બીજી મંડળીઓના શેરમાં | | | --- | |
| 42,340.00 | | | | | 42,340.00 |
| | 6. ધિરાણ | | | | |
| 8,882,746,332.32 | 1. ટુંકી મુદત,રોકડશાખ,ઓવરડ્રાફ્ટ અને વટાવેલ બીલો તે પૈકી નીચેના તારણો સામે | | | 11,851,886,315.05 | |
| | --- | 1. સર અને બી.મા.જા | --- | | |
| | | 2. બીજી વાસ્તવિક જા. | 3,78,58,930.91 | | |
| | ઉપરના ધિરાણ પૈકી | વ્યક્તિઓ પાસે બાકી | 101,30,83,167.84 | | |
| | ઉપરના ધિરાણ પૈકી | મુદત વિતેલ રકમ | 65,60,75,000.00 | | |
| | ઉપરના ધિરાણ પૈકી | ડુબત અને શકમંદ લહેણુ (એન.પી.એ.) | 43,41,21,140.26 | | |
| 303,521,664.53 | 2. મધ્યમ મુદત તે પૈકી નીચેના તારણો સામે | | | 271,426,843.81 | |
| | --- | 1. સર. અને બીજી માન્ય જામીનગીરી | --- | | |
| | --- | ૨.બીજી વાસ્તવિક જામીનગીરી | --- | | |
| | ઉપરના ધિરાણ પૈકી | વ્યક્તિઓ પાસે બાકી | 4,49,12,221.81 | | |
| | ઉપરના ધિરાણો પૈકી | મુદત વિતેલ રકમ | 10,86,01,000.00 | | |
| | ઉપરના ધિરાણો પૈકી | ડુબત અને શકમંદ લહેણું (એન.પી.એ.) | 10,90,49,499.81 | | |
| 27,351,647.50 | 3. લાંબી મુદત તે પૈકી નીચેના તારણો સામે | | | 35,428,618.50 | |
| | --- | 1. સર.અને બીજી માન્ય જા. | --- | | |
| | | 2. બીજી વાસ્તવિક જા. | 2,75,98,073.50 | | |
| | ઉપરના ધીરાણ પૈકી | વ્ય.ઓ.પાસે લહેણુ (સ્ટાફ) | 2,75,98,073.50 | | |
| | ઉપરના ધીરાણ પૈકી | મુદત વિતેલ લહેણુ | 8,39,000.00 | | |
| | ઉપરના ધીરાણ પૈકી | ડુબત અને શકમંદ લહેણુ (એન.પી.એ.) | 11,25,873.00 | | |
| 9,213,619,644.35 | | | | | 12,158,741,777.36 |
| 294,786,045.47 | 7. મળવાપાત્ર વ્યાજઃ | | | | 637,092,940.47 |
| --- | તે પૈકી મુદત વિતેલ | | | --- | |
| --- | ડુબત અને શંકાસ્પદ (એન.પી.એ.) | | | --- | |
| 159,483,520.26 | 8. (અ) રાઈટ ઓફ એકાઉન્ટ (સામી બાજુ પ્રમાણે) | | | 135,985,078.29 | |
| 28,665,063.57 | (બ) અનકલેઈમ DEAF ( RBI ) (સામી બાજુ પ્રમાણે) | | | 31,268,612.50 | 167,253,690.79 |
| --- | 9. શાખાના હવાલા | | | --- | --- |
| | મિલકત નો પ્રકાર | મિલકત | ધસારા ફંડ | | |
| 4,583,601.89 | 10. મોટર | 7,350,358.00 | 3,683,476.50 | | 3,666,881.50 |
| 4,143,882.96 | 11. મકાન | 17,096,767.24 | 13,367,272.57 | | 3,729,494.67 |
| 874,623.00 | 12. જમીન | 874,623.00 | --- | | 874,623.00 |
| 3,805,069.19 | 13. ફર્નીચર | 15,100,417.73 | 10,582,421.22 | | 4,517,996.51 |
| 12,605,634.68 | 14. લોકર | 30,780,255.18 | 15,592,069.70 | | 15,188,185.48 |
| 2,940,977.68 | 15. ઈલેક્ટ્રીક ઈક્વીપમેન્ટ | 21,839,115.05 | 19,009,149.46 | | 2,829,965.59 |
| 325,589.22 | 16. ATM | 10,935,443.00 | 10,766,974.73 | | 168,468.27 |
| 42,996.72 | 17. ઈલેક્ટ્રીક કેબલ ફીટીંગ | 143,721.52 | 105,024.10 | | 38,697.42 |
| 3,117,380.88 | 18. કોમ્પ્યુટર હાર્ડવેર | 49,467,266.83 | 42,183,369.63 | | 7,283,897.20 |
| 3,995,911.01 | 19. કોમ્પ્યુટર સોફ્ટવેર | 26,422,057.00 | 26,257,381.52 | | 164,675.48 |
| 50,292,874.00 | 20. રીવેલ્યુએશન બિલ્ડીંગ | | | | 45,263,587.00 |
| 60,530,000.00 | 21. રીવેલ્યુએશન જમીન (ઘસારો બાદ) | | | | 60,530,000.00 |
| 681,136,969.40 | 22. સબવેન્સન વ્યાજ રીસીવેબલ | | | | 4,38,076,644.40 |
| | 23. બીજી મિલકતો : | | | | |
| 13,989,355.73 | (1) પરચુરણ રકમો | | | 62,942,379.89 | |
| 1,493,081.68 | (2) અન્ય મિલ્કતો | | | 2,285,817.76 | |
| 62,500,000.00 | (4) એડવાન્સ ઈન્કમટેક્ષ | | | 67,500,000.00 | |
| 2,071,888.67 | (6) સ્ટેશનરી અને સ્ટેમ્પ | | | 2,222,410.45 | |
| 752,400.45 | (7) રૂપે ક્રેડીટ ડેબિટ કાર્ડ | | | 1,909,656.45 | |
| 2,219,500.00 | (8) ડીફર્ડ ટેક્ષ એસેટસ | | | 2,010,636.65 | |
| | 24. બેન્કિંગ સીવાયની મિલકતો | | | | 138,870,901.20 |
| | 25. નુકસાન | | | | |
| 24,579,317,790.65 | કુલ સરવાળો.... | | | 28,842,139,509.54 | |

કેશુભાઈ એચ. નાકરાણી
દીપકભાઈ કે. માલાણી
રવજીભાઈ જી. રાજપરા
ભાવનાબેન જે. જાડેજા
દામજીભાઈ પી. મોરડીયા
સુરજીતસિંહ એમ. ગોહીલ
અમીતભાઈ એમ. લવતુકા

કાન્તીભાઈ સી. ધાંધલ્યા
(વાઈસ ચેરમેન)
નાગજીભાઈ એમ. વાઘાણી
જીલુભાઈ એચ. ભુકણ
અજીતસિંહ વી. ગોહીલ
વલ્લભભાઈ આર. કટારીયા
ıરદેવસિંહ જે. પરમાર
(જી. એસ. સી. બેન્ક)

રસીકભાઈ એ. ભીંગરાડીયા
(ચેરમેન)
માનસંગભાઈ ડી. નકુમ
ભુપતભાઈ જે. બારૈયા
બળદેવસિંહ આર. સરવૈયા
ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રારશ્રી
(સહકારી મંડળીઓ)

### રાજ્યના ડેરી ઉત્પાદનની..... પાના નંબર : 1નું અનુસંધાન

ઈન્ટરનેશનલમાં પ્રકાશિત ધ એક્સપોર્ટ ટ્રેન્ડ્સ એન્ડ માર્કેટ પોટેન્શિયલ ઓફ ગુજરાત ડેરી ઈન્ડસ્ટ્રી શીર્ષકવાળા રિસર્ચમાં ગુજરાતના ડેરી નિકાસ પ્રદર્શનનો 20 વર્ષ (2005-2025)ની અવધિનું વિશ્લેષણ કરાયું છે. તેમાં કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ (CAGR) અને માર્કોવ ચેન-આધારિત ટ્રાન્ઝિશન પ્રોબેબિલિટી મેટ્રિક્સનો ઉપયોગ કરીને 2026-2028ની અવધિ માટે મુખ્ય વૈશ્વિક માર્કેટોમાં રાજ્યની ડેરી નિકાસની માત્રાનું અનુમાન લગાવાયું છે. આ રિસર્ચ નવસારી કૃષિ યુનિ.ની એન.એમ. કોલેજ ઓફ એગ્રિક્લચરનાં સંશોધકોએ હાથ ધર્યું છે.

### ગુજરાતની 5754..... પાના નંબર : 1નું અનુસંધાન

4532 મંજૂર પેક્સમાં બિનહિસાબી રકમ રૂ.130 કરોડ તથા રાજસ્થાનમાં 5585 મંજૂર પેક્સમાં બિનહિસાબી રકમ રૂ.103.06 કરોડ છે. આ સૂત્રો એવું કહે છે કે 2021- 22ના વર્ષનું ઓડિટ થયેલું હોય અને એ વર્ષમાં ખેડૂતોને ધિરાણ આપેલું હોય એવી પેક્સ પ્રથમ તબક્કે કમ્પ્યૂટરાઈઝેશન પ્રોજેક્ટ હેઠળ આવરી લેવાઈ છે અને હવે પછી બાકી 5161 પેક્સનું પણ કમ્પ્યૂટરાઈઝેશન હાથ ધરાશે.

### જીસીએમએમએફ..... પાના નંબર : 4નું અનુસંધાન

લાયસન્સ આપી રહી છે ત્યારે સ્પર્ધામાં ટકી રહેવુ હોય તો બેન્કમાં લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરી શ્રેષ્ઠ સેવાઓ ગ્રાહકોને પૂરી પાડવી જોઈએ આંતરરાષ્ટ્રીય વર્ષ 2025ની ઉજવણીના ભાગરૂપે અમને જુદા જુદા જિલ્લાઓમાં આવા તાલીમ કાર્યક્રમો યોજવા માટે ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીન અમને પ્રોત્સાહન અને પ્રેરકબળ પૂરું પાડી રહયા છે.

ગુજરાત રાજ્ય સહકારી સંઘ સંચાલિત ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મહેસાણાના પ્રિન્સિપાલ શ્રી અલ્પેશ કે.રાવલ ધ્વારા કસ્ટમર રીલેશનશીપ મેનેજમેન્ટ વિષય ઉપર પ્રેઝન્ટેશન ધ્વારા સરકારી બેન્કો, સહકારી બેન્કો અને પ્રાયવેટ બેન્કોના ઉદાહરણ આપેલ હતા. તેમણે નોકીયા કંપનીનું ઉદાહરણ આપતા જણાવેલ કે બજારમાં ટકવુ હોયતો નવી ટેકનોલોજી અપનાવવી જરૂરી છે. આમ તેમના ધ્વારા વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. મહેસાણા તાલીમ કેન્દ્રના અધ્યાપક શ્રી ધર્મેશ દવેએ સ્વોટ એનાલીસીસ ધ્વારા કેવી રીતે કામગીરી કરવી તે અંગે માહિતી અને માર્ગદર્શન આપેલ હતુ.

અંતમાં બેન્કના સિનિયર ઓફિસર શ્રી હરેશભાઈ ધ્વારા આભાર વ્યકત કરતા જણાવ્યુ કે આવા તાલીમ કાર્યક્રમો થકી આપણે આપણી જાતને અપડેટ કરવી પડશે. આ કાર્યક્રમમાં કુલ 45 ઓફિસરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### NCDCને 2,000..... પાના નંબર : 1નું અનુસંધાન

સહકારી સંસ્થાઓ, જે ઘણીવાર ધિરાણ અવરોધોનો સામનો કરે છે, તેમની કામગીરી વધારવા અને અર્થતંત્રમાં વધુ અર્થપૂર્ણ યોગદાન આપવા માટે વધુ નાણાકીય સહાય આપવામાં આવશે. અધિકારીઓ આ પગલાને સહકાર આધારિત વિકાસ અને ગ્રામીણ સશક્તીકરણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાના તરીકે જુએ છે. આ યોજના 'સહકાર સે સમૃદ્ધિ' (સહકાર દ્વારા સમૃદ્ધિ)ના વ્યાપક દ્રષ્ટિકોણ સાથે સુસંગત છે, જેનો ઉદ્દેશ્ય સહકારી સંસ્થાઓને વધુ સ્વ-નિર્ભર, તકનીકી રીતે આગળ વધનાર અને રોજગાર-ઉત્પાદન કરનારી બનાવવાનો છે. સ્પષ્ટ વ્યૂહરચના, NCDC દ્વારા મજબૂત અમલીકરણ પદ્ધતિ અને મજબૂત નાણાકીય સમર્થન સાથે, રૂ. 2,000 કરોડની ગ્રાન્ટ સમગ્ર ભારતમાં પુનર્જીવિત સહકારી પ્રવૃત્તિના નવા યુગને ઉત્પ્રેરિત કરશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

### મહેમદાવાદ તાલુકાની..... પાના નંબર : 4નું અનુસંધાન

કિસાન મોરચા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ પટેલ હાજર રહેલ હતા. સદર સેમિનારમાં આભાર દર્શન સંઘના ઈ. એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભરતભાઈ એસ.સોલંકીએ કર્યુ હતું.સેમિનારની શરૂઆત સંઘના મહિલા સી.ઈ.આઈ બીજલબેન ભાવસારે પ્રાર્થનાથી કરી હતી.રાજય સંઘના સી.ઈ.આઈ અક્ષય એચ.વાઘેલા સાથે સંઘના કર્મચારીઓ હાજર રહેલ હતા.સદર સેમિનારનું સંચાલન ખેડા જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ શ્રી પ્રતિકકુમાર એમ. પટેલે કર્યુ હતુ. આ તાલીમ વર્ગમાં 47 જેટલી દૂધ મંડળીના 134 જેટલા કર્મચારીઓ જોડાયા હતા.

### UN કાર્યક્રમમાં..... પાના નંબર : 1નું અનુસંધાન

રેખાંક્તિ કર્યા હતા. આ કાર્યક્રમ દ્વારા ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) પ્રાપ્ત કરવામાં સહકારિતાની ભૂમિકાને પુનઃ સ્થાપિત કરવા માટેનું વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. અને સહકાર, સમાનતા અને સમાવેશી વિકાસ માટે આંતરરાષ્ટ્રીય ભાગીદારીનો મજબૂત પાયો નાખ્યો હતો.

## તારીખ 31મી માર્ચ, 2025ના રોજનું સરવૈયું

| તા.31/3 2024 | | ખર્ચ | તા.31/3/2025 | તા.31/3/2025 |
|---|---|---|---|---|
| 1,024,251,980.31 | 1. અ. | વ્યાજ : થાપણો અને કર્જ વિ | 1,096,692,880.10 | |
| --- | બ. | ગવર્નમેન્ટ સિક્યુરીટી ઉપર ચુકવેલ વ્યાજ | 9,349,597.22 | |
| 1,024,251,980.31 | | | | 1,106,042,477.32 |
| 267,746,675.00 | 2. (1) | પગાર તથા મોઘવારી ખર્ચ | 282,527,667.00 | |
| 15,610,035.00 | (2) | સ્ટાફ ગ્રેચ્યુઈટી વિમા પ્રીમિયમ | 40,407,722.00 | |
| 20,729.00 | (3) | સ્ટાફ બેનીફીટ ખર્ચ | 31,629.00 | |
| 76,505.00 | (4) | લીવફેર ખર્ચ | 34,678.00 | |
| 2,412,923.00 | (5) | મેડીકલ સહાય | 2,437,419.00 | |
| 392,925.00 | (6) | સબ સ્ટાફ યુનીફોર્મ ખર્ચ | 329,792.50 | |
| 59,591,415.00 | (7) | લીવ એનકેશમેન્ટ | 55,441,740.00 | |
| 25,890,023.00 | (8) | સ્ટાફ પ્રોવિડન્ટ ફંડ અને સ્ટાફ પ્રો.ફંડ એડમી.ચાર્જ | 26,855,888.00 | |
| 371,741,230.00 | | | | 408,066,535.50 |
| 120,960.00 | 3. (અ) | ડાયરેક્ટર્સ અને શાખા સમિતી પ્રવાસ ખર્ચ | 277,875.00 | |
| 102.650.00 | (બ) | ડાયરેક્ટર્સ એલાઉન્સીઝ | 141,675.00 | 419,550.00 |
| 10,892,910.80 | 4. | ભાડુ કરવેરા,વિમો લાઈટ વગેરે | | 11,637,399.84 |
| 132,605.00 | 5. | લીગલ ફી | | 1,203,464.00 |
| 1,944,324,00 | 6. | ઓડિટ ફી | | 3,762,064.00 |
| 1,100,700.00 | 7. | કન્સલટીંગ ચાર્જીસ | | 1,609,747.00 |
| 430,428.18 | 8. (અ) | તાર,ટપાલ ખર્ચ | 1,199,494.42 | |
| 322,993.98 | (બ) | ટેલિફોન ખર્ચ | 251,111.00 | 1,450,605.42 |
| 14,307,179.86 | 9. | ઘસારો | | 11,047,704.69 |
| 158,803.00 | 10. | મિલકત મરામત | | 71,815.00 |
| 1,017,126.56 | 11. (અ) | સ્ટેશનરી અને પ્રિન્ટીંગ ખર્ચે | 1,973,153.36 | |
| 358,572.00 | (બ) | જાહેરાત અને સહકારી પ્રચાર ખર્ચે | 537,904.00 | 2,511,057.36 |
| 3,633,162.88 | 12. (અ) | પરચુરણ ખર્ચે | 2,296,375.14 | |
| 214,578.00 | (ક) | મોટર ખર્ચે / રીકવરી ખર્ચે (વાહનને લગતો) | 378,956.00 | 2,675,331.14 |
| 1,126,737.00 | 13. | ડિઝલ તથા પેટ્રોલ ખર્ચ | | 1,166,983.00 |
| 1,152,054.50 | 14. | કોમ્પ્યુટર હાર્ડવેર અને સોફ્ટવેર | | 1,675,877.50 |
| 1,252,658.00 | 15. | સિક્યુરીટી સર્વિસ ચાર્જ | | 2,996,628.00 |
| 9,036.00 | 16. | ગુજરાત લેબર વેલ્ફેર ફંડ બેન્ક ફાળો | | 8,652.00 |
| 1,379,271.32 | 17 | કે.સી.સી એક્સીડેન્ટ વિમા પ્રીમિયમ | | 2,172,723.50 |
| 357,059.00 | 18. | કો.ઓપરેટિવ ટેઈનીંગ ખર્ચ | | 601,939.00 |
| 18,014,486.00 | 19. | સી બી એસ ભાડા ખર્ચ | | 19,747,390.00 |
| --- | 20. | રીક્રુટમેન્ટ ખર્ચે | | 893,950.00 |
| 149.77 | 21. | મિલ્કત વેચાણ ખોટ | | 21,414.57 |
| 21,645,194.00 | 22. | ડિપોઝિટ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ | | 23,744,827.00 |
| --- | 23. | મેડીકલ સહાય (મંડળી ) | | --- |
| 1,173,703.00 | 24. | ગવર્નમેન્ટ સિક્યુરીટી એમોટાઇઝેશન ખર્ચ | | 1,321,271.00 |
| 420,869.00 | 25. | એ.જી.એમ. તથા અન્ય મીટીંગ ખર્ચ | | 2,779,672.00 |
| 638,723.60 | 26. | એ.એમ. સી. ખર્ચ | | 1,966,828.60 |
| 1,200,680.17 | 27. | એ.ટી.એમ. ખર્ચ | | 3,439,410.52 |
| --- | 28. | ડોનેશન ખર્ચ | | 10,000.00 |
| 442,549,00 | 29. | પાણીનો ખર્ચ | | 450,636.00 |
| 3,393,432.18 | 30. | જી એસ ટી ખર્ચ | | 3,103,163.51 |
| --- | 31. | કોમ્પ્યુટર સોફટેવર/ લાઈસન્સ ખર્ચ | | 1,678,494.00 |
| 365,058.50 | 32. | સ્ટાફ ભાડા ભથ્થા ખર્ચ (રેમીટન્સ) | | 455,765.00 |
| 327,969.00 | 33. | તપાસણી ખર્ચ | | 189,952.00 |
| 111,542.00 | 34. | રીકવરી ખર્ચ | | 199,497.00 |
| 3,720,159.00 | 35. | ઈન્કમટેક્ષ ખર્ચ | | 829,120.00 |
| 409,211.25 | 36. | UPI ખર્ચે | | 1,035,570.33 |
| 65,518.00 | 37. | ગોલ્ડ વેલ્યુએશન ખર્ચે | | 36,200.00 |
| --- | 38. | ડીફર્ડ ટેક્ષ ખર્ચ | | 208,863.35 |
| | 39. | જોગવાઈઓ | | |
| --- | | (1. સ્ટાન્ડર્ડ એસેટ્સ સામે કન્ટીજન્ટ પ્રોવિઝન | | 4,700,000.00 |
| 4,329,707,09 | | (2. મુક્ત વિતેલ વ્યાજ અંગે રિઝર્વ ફંડ | | --- |
| 59,000,000.00 | | (3. ઈન્કમટેક્ષ પ્રોવિઝન ખર્ચ | | 65,000,000.00 |
| 17,033,656.36 | | (4. ખરાબ અને શકંમદ લેણા(ઈ.ટે.કલમ 36-(1)(72) | | 1,375,016.24 |
| 1,568,299,628.31 | | સરવાળો | | 1,692,307,595.39 |
| 171,421,000.00 | | નફો (સરવૈયામાં લઈ ગયા તે) | | 180,100,000.00 |
| 1,739,720,628.31 | | કુલ સરવાળો | | 1,872,407,595.39 |

| ઓડિટરશ્રી | જી. બી. ચુડાસમા | આર.ડી.સરવૈયા |
|---|---|---|
| બી.જે.પટેલ એન્ડ જે.એલ.શાહ | મેનેજર (એકા. એન્ડ બેન્કિંગ) | જનરલ મેનેજર |
| ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ | | |

| તા. 31-3-2024 | | આવક | તા. 31-3-2025 | તા. 31-3-2025 |
|---|---|---|---|---|
| 1,399,113,915.86 | 1. એ. | વ્યાજ અને વળતર | 1,528,272,772.54 | |
| 279,147,284.33 | બ. | ગવર્નમેન્ટ સિક્યુરીટી ઉપર મળેલ વ્યાજ | 283,465,406.89 | |
| 1,678,261,200.19 | | | | 1,811,738,179.43 |
| 1,758,125.06 | 2. | કમીશન, વટાવ અને દલાલી | | 1,152,577.21 |
| 4,599,097.95 | 3. | ડિવિડન્ડ આવક | | 4,674,980.00 |
| 8,380,900,00 | 4. | ગવર્નમેન્ટ સિક્યુરીટી વેચાણ આવક | | 4,505,000.00 |
| | 5. | **બીજી આવક :** | | |
| 19,796,337.63 | (અ) | પરચુરણ (ઈતર આવક) | 21,408,504.63 | |
| 9,753,176.00 | (બ) | લોકર્સ ભાડુ | 9,876,660.00 | |
| 7,322,786.00 | (ક) | રાઈટ-ઓફ રીકવરી આવક | 17,426,638.97 | 48,711,803.60 |
| 428,005.48 | 5. | મિલ્કત વેચાણ આવક | | 125,055.15 |
| 9,000,000,00 | 7. | ખરાબ અને શકંમદ લેણા(ઈ.ટે.ક્લમ 36-(1)(7) આવક | | --- |
| 421,000.00 | 8. | ડીફર્ડ ટેક્ષ એસેટસ આવક | | --- |
| --- | 9. | આંતરરાષ્ટ્રિય સહકારિતા -2025 સહાય | | 1,500,000.00 |
| 1,739,720,628.31 | | સરવાળો.... | | 1,872,407,595.39 |
| | | (ખોટ સરવૈયામાં લઈ ગયા તે ) | | |
| 1,739,720,628.31 | | કુલ સરવાળો.... | | 1,872,407,595.39 |

| કેશુભાઈ એચ. નાકરાણી | કાન્તીભાઈ સી. ધાંધલ્યા | રસીકભાઈ એ. ભીંગરાડીયા |
|---|---|---|
| દીપકભાઈ કે. માલાણી | (વાઈસ ચેરમેન) | (ચેરમેન) |
| રવજીભાઈ જી. રાજપરા | નાગજીભાઈ એમ. વાઘાણી | માનસંગભાઈ ડી. નકુમ |
| ભાવનાબેન જે. જાડેજા | જીલુભાઈ એચ. ભુકણ | ભુપતભાઈ જે. બારૈયા |
| દામજીભાઈ પી. મોરડીયા | અજીતસિંહ વી. ગોહીલ | બળદેવસિંહ આર. સરવૈયા |
| સુરજીતસિંહ એમ. ગોહીલ | વલ્લભભાઈ આર. કટારીયા | ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રારશ્રી |
| અમીતભાઈ એમ. લવતુકા | હરદેવસિંહ જે. પરમાર | (સહકારી મંડળીઓ) |
| | (જી. એસ. સી. બેન્ક) | |

